# એક ટૂક કે કારને, શ્વાન ઘરોઘર જાત !

રહીમન ધીરજ કે ધરે, હાથી મન ભર ખાત ;
એક ટૂક કે કારને, શ્વાન ઘરોઘર જાત !

કવિ શ્રી રહીમજીએ ઉપરની બે પંક્તિઓમાં જાણે કે ગાગરમાં સાગર ભરી દીધો છે; સર્વ શાસ્ત્રોનો નિચોડ રજૂ કરી દીધો છે; સુખ-શાંતિપૂર્વક જીવવાનું અખૂટ પાથેય બંધાવી દીધું છે.

હાથીને મણબંધી ખોરાકની જરૂરત છે તોય તેને તે ક્યાંય પણ રખડપટ્ટી કર્યા વિના જ મળી રહે છે અને કૂતરાને બે-ચાર ટુકડા ખોરાકથી પણ ચાલી શકે તેમ છે તોય તે તેના માટે ઘરે-ઘરે રખડે છે ! જગતમાં ધૈર્ય અને અધૈર્ય તથા શ્રદ્ધા અને અશ્રદ્ધાની બલિહારી છે !

મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. તે સર્વ કાંઈ બુદ્ધિથી જ કરી લેવા ઈચ્છે છે. પરંતુ બુદ્ધિ કાંઈ સર્વસ્વ નથી, બુદ્ધિની પણ એક સીમા-મર્યાદા હોય છે. બુદ્ધિથી પણ પર કર્મફળગતિ, કર્મફળગતિથી પણ પર કુદરતની ગતિ અને કુદરતની ગતિથી પણ પર કૃપાની ગતિ છે.

કુટુંબનો વડો એમ સમજે કે કુટુંબનું ભરણપોષણ હું જ કરું છું, સંસ્થાના વહીવટદારો એમ સમજે કે સંસ્થા અમારી હોશિયારીના કારણે ચાલે છે, દેશ-નેતાઓ અને રાષ્ટ્રનેતાઓ એમ સમજે કે દેશ અને રાષ્ટ્રની આબાદી અમારી કુનેહના કારણે જ છે તો તે તેમની ઘણી ઓછી સમજ કહેવાય.

વિશ્વના સુચારુ સંચાલનમાં ઉપરોક્ત ચારે પ્રકારની ગતિઓ વત્તાઓછા પ્રમાણમાં ભાગ ભજવતી હોય છે. કઈ ગતિ અર્થાત્ ક્યું પરિણામ પ્રારબ્ધનું છે કે પુરુષાર્થનું તેને સામાન્ય માનવી જુદું તારવીને સમજી શકતો નથી. કારણકે સર્વ ગતિઓ ગહનાતિગહન છે.

આપણે એક નાની સંસ્થા ચલાવતા હોઈએ છીએ તોય ફંડ-ફાળા કરવા નીકળવું પડે છે. અને પૂર્વકાળમાં ઋષિમુનિઓના વિશાળ આશ્રમો ચાલતા તોય તેમને ક્યાંય પણ ફંડ-ફાળા ઉઘરાવવા નીકળવું પડતું નહોતું. છતાંય તેમને આવશ્યક બધું જ તેમના ચરણોમાં આવી પડતું. આનું કારણ શું ? કારણકે ઋષિમુનિઓનું મુખ્ય ધનં તપ હતું - તેઓ તપોધન હતા. આપણી પાસે તપરૂપી ધન નહીં હોવાના કારણે આપણે સંસ્થાઓ ચલાવવા ફાળાઓ માટે યાચના કરવી પડે છે. યાચના દ્વારા મેળવેલા ધનથી ચાલતી સંસ્થા અને તપના ધનથી ચાલતી સંસ્થાના ઓજસમાં કેટલો ફર્ક હોઈ શકે તે સહેજે સમજાય તેવી વાત છે. ગુરુકુળમાં તૈયાર થયેલ વિદ્યાર્થી અને શાળા-મહાશાળામાં તૈયાર થયેલ વિદ્યાર્થીના ઓજ-તેજના તફાવતથી આપણે અણજાણ નથી.

ફંડ-ફાળા દ્વારા ભલે અનર્ગળ ધન-સંપત્તિ એકઠી કરી શકાય પણ તે સંપત્તિમાંથી યુગની કાયાપલટ કરી શકનાર યુગાવતાર-યુગપુરુષ કદી નહીં સર્જી શકાય, ખમીરવંત યુગકેસરીનું અવતરણ કદી નહીં કરાવી શકાય. આજ સુધીનો ઈતિહાસ તેનો સાક્ષી છે. ધનસંપત્તિ ભેગી કરનારે એટલી હદે તે ભેગી કરી કે તેથી તેના જાજરૂનાં પગથિયાં પણ સોનાનાં બન્યાં ! એકઠું થયેલું આ સુવર્ણ, સુવર્ણયુગ તો સર્જાવી ન શક્યું પણ વિષ્ટાની વાસના વધારવામાં જ વપરાયું !

ઉઘરાણાનું દ્રવ્ય સમજપૂર્વક અને ઉદારતાપૂર્વક આવેલું બહુ થોડું હોય છે, મોટા ભાગે તે શરમેભરમે, દેખાદેખી, ચડસાચડસી, મોભો બતાવવા, પ્રતિષ્ઠા વધારવા, વહેવારાવટ્ટ માટે, પ્રતિપક્ષીને નીચું જોવડાવવા માટે આપેલું હોય છે.

સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની;
છીન લિયા સો રક્ત બરાબર, કહ ગયે ગોરખ બાની.
ગોધન, ગજધન, વાજીધન, ઔર સકલ ધન ખાન;
જબ આવે ધૈર્યધન, સબ ધન ધૂલ સમાન.

ધૈર્યની સાક્ષાત્ મૂર્તિ એટલે અયાચક વ્રતધારી સુદામો ! પોતાના સહપાઠી અને લંગોટિયા ભાઈબંધના ત્યાં જ્યારે અષ્ટસિદ્ધિ અને નવનિધિ આળોટતી હોય અને પોતાના રસોડામાં ભૂખરૂપી ભૂંડણો ભુરાટી થઈ હોય અને દરિદ્રતારૂપી ડાકણો ડાકલાં વગાડતી હોય ત્યારેય જે અયાચક વ્રતને અભંગ રાખી શકે છે તેનાથી બીજો તપોધન કોણ હોઈ શકે ? પોતાના ભગવાન-મિત્રના ઘરે જઈને પણ ખાલી હાથે પાછા વળવા છતાંય સુદામાના મનમાંય એમ નથી થતું કે, "મારા બેટ્ટે વાતે જ વડાં કર્યાં ! એક પાઈ પણ પરખાવી નહીં; પોતાની પટરાણીઓના હાથે સ્નાન કરાવીને અને સોનાચાંદીના થાળમાં ભોજન કરાવીને પોતાની સાહ્યબીનું જ પ્રદર્શન કર્યું ! લોભી લાલાથી એક કાવડિયું પણ છૂટ્યું નહીં !" ધન્ય છે સાચા બ્રાહ્મણત્ત્વનું આવું ખમીરવંતું દ્દષ્ટાંત પૂરું પાડનાર સુદામાજીને ! તેમના પરમ પુનિત ચરણોમાં આપણા કોટિકોટિ વંદન હજો. યુગની કાયાપલટ કરવા માટે અનંત સુદામાઓનું અવતરણ થજો. અસ્તુ.

અધીર ન થા મનુષ્ય તું, ખોઈશ ના સૂધ-બૂધ;
તારા જનમ પહેલાં પ્રભુએ, મૂક્યું માતામાં દૂધ.

બાળકના જન્મ પહેલાં જ બાળકની કાળજી પૂર્ણ નિપુણતાથી લેવાય છે. માતાની છાતીમાં દૂધની ઉત્પત્તિ તે તેનો સચોટ પુરાવો છે. નવજાત શિશુ ચાલી શકતું નથી, તેને મોઢામાં દાંત નથી તેથી તેના માટે સાવ નજીક અને પ્રવાહી પોષણની રચના કરી. તે પોષણનો રંગ કેવો ? શુભ્ર ધવલ. તેનો સ્વાદ કેવો ? નહીં ગળ્યો, નહીં ફીકો; નહીં ખાટો, નહીં ખારો; નહીં તીખો, નહીં તુરો; કે નહીં કડવો. સાતમાંથી એકેય સ્વાદ નહીં અને છતાંય બધા જ સ્વાદ અને સર્વ પોષણથી ભરપૂર ! આમ, રૂપ, રંગ, સ્વાદ અને પોષણની કેટલી ઉમદા કાળજી રખાણી ! મા બાળકને છાતી-સરસું રાખે છે તો છાતીમાં જ દુગ્ધામૃતની રચના કરી કે જેથી કુમળી આંખો અને કુમળા પગવાળાને પોષણ માટે થોડે દૂર પણ ફાંફાં મારવાં ન પડે. બધા રસોમાં આમરસ અને ચામરસને અતિ મૂલ્યવાન ગણવામાં આવે છે. આમરસ એટલે કેરીનો રસ અને ચામરસ એટલે દૂધ- માતાનું દૂધ. ઓછી સમજણવાળા, ચામરસનો અર્થ કામ-ભોગ કરે છે તે બરાબર નથી. પોષણ આપે તેને જ રસ કહેવાય. વિષય-ભોગ તો ક્ષીણ કરે છે.

આમ, જન્મ પહેલાં જ જે સત્તા નાનામાં નાની જરૂરતની પણ અતિ કાળજીપૂર્વક સંભાળ લે છે તે શું જન્મ બાદ લટકતા મૂકી દેશે ? કદી નહીં; પણ મનુષ્ય ધીરજ ધરી શકતો નથી. અને તેથી તે જીવનભર ત્રાસ અને બળતરા જ ભોગવ્યા કરે છે.

જીવનમાં એવા કટુ પ્રસંગો પણ આવે છે કે તેથી આપણને એમ થાય કે "જન્મ પહેલાં દૂધની રચના" અને "દાંત આપ્યા છે તો ચાવણું આપશે જ" વગેરે ઉક્તિઓ ખોટી છે, અત્યારે આપણી સંભાળ લેનાર કોઈ જ નથી. પણ એ ઓછી સમજણ છે. મનનું ધાર્યું થાય અને ભાવતું મળે તો જ સંભાળ લેનાર કોઈ છે એમ આપણે માનીએ છીએ. પણ ક્યારેક આપણને થપ્પડ મારીને કે ક્યારેક કડવું ભોજન કરાવીનેય સંભાળ જ લેવાતી હોય છે. પણ આપણે ઈન્દ્રિયોની મર્યાદામાં રહીને જ વિચારી શકીએ છીએ અને તેથી ગહનતમ રહસ્યોનું સમાધાન નથી પામી શકતા.

માગ્યું શું નથી મળતું ? પણ અનુભવીઓએ કહ્યું છે કે માગ્યાં તો મુક્તાફળ મળે ભીખને માથે ફટ્ય. વગર માગ્યે પણ મળવાનું જ છે છતાંય ધીરજ ન રહે તો વિશ્વંભર પાસે જ ન માંગીએ ?